Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

–: નોટિસ :–

એકેડેમિક કાઉન્સિલની સભા **સોમવાર, તા.૦૫/૦૭/૨૦૨૧** નાં રોજ બપોરે ૧:૦૦ કલાકે Social Distancing નું પાલન થાય તે રીતે ઓફલાઈન/ઓનલાઈન યુનિવર્સિટી કાર્યાલયના સેનેટ હોલમાં મળશે, જેમાં હાજર રહેવાની અનુકૂળતા કરવા વિનંતી છે.

–: કાર્યસૂચિ :–

(૧) એકેડેમિક કાઉન્સિલની **તા.૨૫/૨૬–૦૬–૨૦૨૧** ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.
(નોંધ : પ્રસ્તુત એકેડેમિક કાઉન્સિલની સભાની કાર્યવાહી એકેડેમિક કાઉન્સિલનાં સભ્યશ્રીઓને તા.૨૬/૦૬/૨૦૨૧ ના પત્રક્રમાંક : એ/એ.કા./કા.વા./૮૭૭૯/૨૦૨૧ થી મોકલી આપવામાં આવી છે.)

(૨) એકેડેમિક કાઉન્સિલની **તા.૨૯–૦૬–૨૦૨૧** ની સભાની કાર્યવાહીની નોંધને બહાલી આપવા બાબત.
(નોંધ : પ્રસ્તુત એકેડેમિક કાઉન્સિલની સભાની કાર્યવાહી એકેડેમિક કાઉન્સિલનાં સભ્યશ્રીઓને તા.૨૯/૦૬/૨૦૨૧ ના પત્રક્રમાંક : એ/એ.કા./કા.વા./૯૦૪૦/૨૦૨૧ થી મોકલી આપવામાં આવી છે.)

(૩) પીએચ. ડી. સંશોધન અભ્યાસમાં વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ દરમ્યાન પ્રવેશ મેળવેલ સંશોધનાર્થીઓની પ્રિથીસીસ પ્રેઝન્ટેશનની કાર્યવાહી સંબધકર્તા વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિ દ્વારા નિયુકત રિવ્યુ સમિતિ સમક્ષ કરી, ભલામણ મુજબ કાર્યવાહી પૂર્ણ કરી થીસીસ મુલ્યાંકન માટે જમા કરાવવાની જોગવાઈ જે તે વર્ષ દરમ્યાન અમલી નિયમ મુજબની છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનની ૨૦૧૬ના પીએચ.ડી. રેગ્યુલેશન ધ્યાને લઈ સિન્ડીકેટની તા. ૧૨–૩–૨૦૨૧ના ઠરાવ ક્રમાંક (૭) અન્વયે મંજુર કરેલ પીએચ.ડી. ઓર્ડિનન્સની નીચેની જોગવાઈ મુજબ સંશોધનાર્થી થીસીસ સંબધકર્તા વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિ સમક્ષ પ્રિથીસીસ પ્રેઝન્ટેશન કરાવી સમિતિની ભલામણનું પરિપાલન કરી મુલ્યાંકન માટે સ્વીકારવાની છે. પ્રવર્તમાન નિયમ ધ્યાને લેતા મુલ્યાંકન માટે રજુ કરતા તમામ સંશોધનાર્થીનું પ્રિથીસીસ પ્રેઝન્ટેશન સંબધકર્તા વિષયની રીસર્ચ એડવાઈઝરી સમિતિ સમક્ષ કરાવીએ કે કેમ ? તે પર વિચારણા કરવા બાબત.

નોંધ :

૧: પીએચ. ડી. સંશોધન અભ્યાસના સિન્ડીકેટની તા. ૧૨–૩–૨૦૨૧ના ઠરાવ ક્રમાંક (૭) અન્વયે મંજુર થયેલ નિયમ મુજબ રજીસ્ટ્રેશન થનાર પ્રવેશાર્થીઓ માટે પ્રિથીસીસ પ્રેઝન્ટેશનની જોગવાઈ:

3.1 Ph.D. programme shall be for a minimum duration of three years, including course work and a maximum of six years.

8.3 Prior to the submission of synopsis of the thesis, the scholar shall make a presentation before the Research Advisory Committee which shall also be open to all faculty members and other research scholars. The feedback and comments obtained from them may be suitably incorporated into the draft thesis in consultation with the Research Advisory Committee.

8.5 Candidate shall have to submit three (03) printed copies of thesis to the university through his/ her Research Supervisor and a CD of his/ her thesis (in PDF format). A candidate shall also submit five (05) copies of the summary of

the thesis i.e. synopsis along with three copies of the thesis.

૨: **પીએચ. ડી. સંશોધન અભ્યાસમાં વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯ દરમ્યાન રજીસ્ટ્રેશન કરાવેલ પ્રવેશાર્થીઓ માટે પ્રિથીસીસ પ્રેઝન્ટેશનની જોગવાઈ:**

7.1 Prior to the submission of the Synopsis, the research scholar shall make a presentation in the Department /institution before the Review Committee appointed for him /her. The feedback and comments obtained from them may be suitably incorporated into the draft thesis in constitution with the Research Supervisor.

૩: **યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના ૨૦૧૬ના પીએચ. ડી. અંગેના રેગ્યુલેશનના અંતર્ગત પ્રિથીસીસ પ્રેઝન્ટેશનની (ક્રમાંક 9.3) ની જોગવાઈ :**

Prior to the submission of the dissertation / thesis, the scholar shall make a presentation in the Department before the Research Advisory Committee of the Institution concerned which shall also be open all faculty members and other research scholars. The feedback and comments obtained from them may be suitably incorporated into the draft dissertation / thesis in consultation with the Research Advisory Committee.

(અનુસ્નાતક વિભાગ)

(૪) પીએચ. ડી. સંશોધન અભ્યાસના પ્રવર્તમાન ઓર્ડિનન્સ સિન્ડીકેટની તા. ૧૨–૩–૨૦૨૧ના ઠરાવ ક્રમાંક (૭) અન્વયે મંજુર કરેલ છે. જે ઓર્ડિનન્સમાં સંશોધન અભ્યાસની મહત્તમ સમય અવધિ નીચે મુજબની જોગવાઈ અન્વયે છ (૬) વર્ષની નિયત કરેલ છે. નિયત સમય બાદ વધુમાં વધુ ૨ વર્ષનું એક્ષટેન્શન સંશોધનાર્થીની વિનંતી રીસર્ચ સુપરવાઈઝર અને રીસર્ચ એડવાઈઝરી સમિતિની ભલામણને માન. કુલપતિશ્રી મંજૂરી આપ્યેથી સંશોધનાર્થીને નિયત સમય અવધિ છ (૬) વર્ષ ઉપરાંત વધુ બે (૨) વર્ષની મંજુરી આપવાની જોગવાઈ છે.

3.1 Ph.D. programme shall be for a minimum duration of three years, including course work and a maximum of six years.

3.2 Extension beyond the above limits may be granted by Hon. Vice Chancellor on recommendation of the Research Supervisor and Research Advisory Committee for the maximum of another two (2) years.

પીએચ.ડી. સંશોધન અભ્યાસની પ્રવર્તમાન જોગવાઈ ધ્યાને લેતા વર્ષ ૨૦૧૯ ની પ્રવેશ કાર્યવાહી દરમ્યાન કે તે પહેલા પ્રવેશ મેળવેલ સંશોધનાર્થીને રજીસ્ટ્રેશન થયેથી કુલ ચાર વર્ષ બાદ સંશોધનાર્થીની એક્ષટેન્શનની વિનંતી માર્ગદર્શક શિક્ષકની ભલામણ સાથે મળે તો માન. કુલપતિશ્રી માર્ગદર્શક એક – એક વર્ષના બે એક્ષટેન્શન આપવામાં આવે છે. પ્રવર્તમાન પીએચ. ડી. ઓર્ડિનન્સની ઉપર મુજબની જોગવાઈ મુજબ પીએચ. ડી. સંશોધન અભ્યાસ કરતા તમામ સંશોધનાર્થીઓને છ (૬) વર્ષ સુધી સંશોધના અભ્યાસના એક્ષટેન્શન લેવાની કાર્યવાહી કર્યા સિવાય ટર્મ વાઈઝ પ્રોગ્રેસ રીપોર્ટ / રિવ્યુ રિપોર્ટ જમા કરાવ્યેથી જે તે ટર્મની સંશોધન અભ્યાસની ફી સ્વિકારવા વિચારણા કરવા બાબત.

(અનુસ્નાતક વિભાગ)

(૫) જુલાઈ–૨૦૨૧ થી લેવાનાર કાનૂન વિદ્યાશાખા હેઠળની LL.B. SEM.-6 નાં પરીક્ષાનો કાર્યક્રમ માટે કાનૂન વિદ્યાશાખાના પૂર્વ અધર ધેન ડીનશ્રી સાથે ટેલીફોનીક વાતચીત કરી ઓફલાઈન લેવા જણાવેલ છે, જે આ સાથે સામેલ છે, આ અંગેની વિચારણા બાબત.

(પરીક્ષા વિભાગ/કાનૂન)

(૬) જુલાઈ/ઓગસ્ટ – ૨૦૨૧ માં લેવાનાર કાનૂન વિદ્યાશાખા હેઠળની **એલ.એલ.બી (સેમેસ્ટર૫ અને ૬)** ની પરીક્ષા અંગે એકેડેમિકકાઉન્સીલ ની તા. ૨૫/૨૬–૦૬–૨૦૨૧ મુજબ પરીક્ષા ઓનલાઈન **MCQ**આધારિત લેવાનું નકકી કરવામાં આવેલ છે. જયારે ગુજરાત રાજય શિક્ષણ વિભાગ **પરિપત્ર ક્રમાંકઃ– પરચ / ૨૦૧૮ / ૬૧ / ખ–૧** સચિવાલય, ગાંધીનગર તા.૨૮/૦૬/૨૦૨૧ ના પરિપત્ર મુજબ રાજયમાં **COVID - 19**ના સંક્રમણની પરિસ્થિમાં સુધારો થતાં વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતોને ધ્યાને લઈ સ્નાતક કક્ષાના ફાઈનલ સેમેસ્ટર / ટર્મીનલ સેમેસ્ટર અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન(પ્રત્યક્ષ) પરીક્ષા લેવાનું નકકી થયેલ છે.તો પરીક્ષાનું આયોજન કઈ રીતે કરવું ? આ અંગેની વિચારણા બાબત...

(પરીક્ષા વિભાગ/કાનૂન)

(૭) યુનિવર્સિટીની પરીક્ષા ઓનલાઈન લેવા બાબતે વિવિધ સંગઠનો તરફથી રજૂઆત મળેલ હોય તે અંગે વિચારણા કરવા બાબત.

(બિડાણ : ૧)
(પરીક્ષા વિભાગ)

(૮) અધ્યક્ષશ્રીની મંજૂરીથી જે બાબત રજૂ થાય તે.

ક્રમાંક : એ/એ.કા./કા.સૂ./૯૩૦૪/૨૦૨૧
તા. ૦૨/૦૭/૨૦૨૧

ઈ.ચા. કુલસચિવ

પ્રતિ,

એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
સુરત
૨/૬, અગિયારી મહોલ્લો, રૂસ્તમપુરા, સુરત-૩૯૫૦૦૨ - સંપર્ક નં.: 6006285318 / 9316366865

Email : abvpvnsgu20@gmail.com /our_vnsgu Website : abvp.org

1/7/2021

પ્રતિશ્રી
કુલપતિશ્રી
વી.એન.એસ.જી.યુ
સુરત.

વિષય:- અમુક ફેકલ્ટી માં ઓનલાઈન લેવા બાબત

નમસ્તે,

આપ સાહેબ સાથે જણાવવાનું કે કોરોના જેવી મહામારી સામે આપ દ્વારા ઓફલાઈન પરીક્ષા લેવાનો પરિપત્ર જાહેર પાડવામાં આવ્યો છે પરંતુ અમુક ફેકલ્ટી માં આ પરિક્ષા લેવી ખૂબજ ઓલીરું સમસ્યા સર્જી શકે છે. કોરોના નો વ્યાપમાં પડા આવા નિર્ણયથી તેમા વધારો કરી શકે છે તો વિદ્યાર્થી પરિષદ દ્વારા એવી માંગ છે. કે જે-તે ફેકલ્ટી માં ઓનલાઈન પરિક્ષા સંભવ છે તે ઓનલાઈન લેવી જોઇએ જેથી વિદ્યાર્થીઓ જીવન સાથે પડા ચેડા નાહ થઈ શકે આમારા દ્વારા જે-તે ફેકલ્ટી માં ઓનલાઈન પરિક્ષા શકયછે તે નીચે મુજબ રજુ કરેલ છે

1. મેનેજમેન્ટ ફેકલ્ટી
2. કોમર્સ (UG અને PG બન્નેમાં)
3. B.COM LL.B honours
4.

આભાર

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

સુરત

૨/૬, અગિયારી મહોલ્લો, રૂસ્તમપુરા, સુરત-૩૯૫૦૦૨ - સંપર્ક નં.: 6006285318 / 9316366865

Email : abvpvnsgu20@gmail.com /our_vnsgu Website : abvp.org

૫) સાયન્સ ફેકલ્ટી (UG અને PG બંનેમાં શરૂ થાય એમ) સાથે ૫/૨) અમારી માંગ પૂરી થાય તેવા પ્રયત્નો કરશો. આશા છે નથી. બાકીર સમસ્યા વતે અરજી શકિ છે.

આપ.

યુનિવર્સિટી અધ્યક્ષ

ઈશાન ભટ્ટ

NATIONAL STUDENTS' UNION OF INDIA

Surat - Congress Committee, Near Chosath Jogani Mata Mandir, Udhna Magdalla Road, Surat.

Mahipalsinh Gadhvi, Gujarat State President

Shri Rahul Gandhi, Indian National Congress

Manish Desai, President
Surat City-District NSUI

તા: 1/07/2021

01/07/2021

પ્રતિ,
કુલપતિશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી,
સુરત

વિષય : યુનિવર્સીટી દ્વારા છેલ્લા સેમેસ્ટ સહિત તમામ પરીક્ષાઓ ઓનલાઈન દ્વારા જ લેવા બાબતે.

મહાશય,

સવિનય સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ગુજરાત સરકાર દ્વારા હાલ જુલાઈ-૨૦૨૧ માં ઓફલાઈન પરીક્ષા લેવાની મંજૂરી આપતો પરિપત્ર કરતાં જ યુનિવર્સીટી દ્વારા અંતિમ વર્ષની પરીક્ષા ઓફલાઈન લેવાનું નકકી કરી દેવામાં આવેલ છે. જેના કારણે છેલ્લા ઘણાં દિવસોથી જે વિદ્યાર્થીઓ M.C.Q. આધારીત પરીક્ષાની તૈયારી કરતાં તે વિદ્યાર્થીઓ મુશ્કેલીમાં મુકાય ગયા છે. ચાલુ વર્ષે કોરોના મહામારીમાં ૯૦% શૈક્ષણિક કાર્ય ઓનલાઈન થયેલ છે અને અગામી સમયમાં કોરોના સંપૂર્ણ રીતે કાબુમાં આવશે તેવું કહી શકાય નહીં અને સરકાર દ્વારા કોરાનાની ત્રીજી લહેર પણ આવવાની શકયતા દર્શાવવામાં આવી હોય ત્યારે સરકારશ્રી દ્વારા માત્ર ઓફલાઈન પરીક્ષા યોજવાની છુટ આપી છે તેને ફરજીયાત રીતે પાલન કરવાનું કહેવામાં આવેલ નથી અને હાલમાં આપની યુનિવર્સીટીમાં ઓનલાઈન પરીક્ષા સારી રીતે યોજાય રહી છે અને તેના પરિણામ પણ પરીક્ષા પૂરી થયા પછી ૪-૫ દિવસમાં જ આવતા હોય. હાલના સમયમાં દરેક સેમેસ્ટની પરીક્ષાઓ ઓનલાઈન જ લેવામાં આવે તેવી અમારી માંગણી છે.

આ ઉપરાંત લો ફેકલ્ટી જેવી અન્ય ફેકલ્ટીમાં જયાં પોતાની એપેક્ષ બોડી દ્વારા પણ ઓનલાઈન પરીક્ષા લેવાની છુટ આપી હોય અને સરકારશ્રી દ્વારા પણ ઓનલાઈન અને ઓફલાઈન બંને રીતે પરીક્ષા યોજવાની મંજૂરી આપી હોય ત્યારે સમગ્ર ગુજરાતમાંથી આપની યુનિવર્સીટીમાં હાલમાં સારી રીતે ઓનલાઈન પરીક્ષા યોજાય રહી હોય અને તેનું તાત્કાલિક પરિણામ પણ મળી જતું હોય. હાલનાં છેલ્લા વર્ષની બાકી રહેલ તમામ ફેકલ્ટીની પરીક્ષાઓ પણ ઓનલાઈન લેવામાં આવે તેવી સુરત શહેર NSUI ની માંગણી છે.

સહકારની અપેક્ષા સહ...
આભાર...

Manish

મનિષ દેસાઈ
NSUI પ્રમુખ, સુરત શહેર

Resi. : B -111, Prabhudharshan Soc., Jahangirabad, Surat. Mo. 9099107730
E-mail : manishdesai457@gmail.com

આવેદનપત્ર....

તારીખ : ૦૨/૦૭/૨૦૨૧.

વી. ન. દ. ગુ. યુનિ. સુરત
આવક નં.....13568..
તારીખ.....2-7-21

પ્રતિશ્રી,

કુલપતિશ્રી, /કુલસચિવશ્રી,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,

સુરત...

વિષય:કોરોના મહામારી ના કારણે સેમેસ્ટર -૦૬ ની પરીક્ષા ઓનલાઈન લેવાય તે બાબતે...

માનનીય મહોદય શ્રી,

સવિનય સાથે જણાવવાનું કે ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા ૨૮/૦૬/૨૦૨૧નાં રોજ પરિપત્ર જાહેર કરી કહેવામાં આવ્યું હતું કે ગુજરાતની તમામ યુનિવર્સિટી હવે અંતિમ વર્ષનાં વિધાર્થીઓની પરિક્ષા ઓફલાઈન લેવાશે. ત્યારે અમો વિધાર્થીઓ આ નિર્ણયનો વિરોધ કરીએ છે, વિરોધ કરવાનો તેમજ નિર્ણયને આવકારવાનો એક જ કારણ છે કે ભારતમાં અને ખાસ કરી ગુજરાતમાં કોરોના વાયરસનાં ન્યુ ડેલ્ટા વોરિઅન્ટનાં કેસ નોંધાયેલ છે.

જયારે AIIMSનાં ડિરેક્ટર ગુલેરીયા દ્વારા જણાવામાં આવ્યું હતું કે ,કોરોના નાં વાયરસની ત્રીજી લહેર ટૂંક સમયમાં આવી શકે છે. જો પરીક્ષા ઓફલાઈન લેવામાં આવશે તો વિધાર્થીઓ કોરોના વાયરસથી સંક્રમિત થઈ શકે છે .

અમોની માંગ છે કે પરિક્ષા ઓનલાઈન લેવામાં આવે તેવી માંગ વિધાર્થીઓની છે

Parth Thakor

Denish Gangadiya

J.D. Gabani Commerce Colleg

સત્ય મેવ જયતે ગ્રૂપ

તા. ૦૨/૦૭/૨૦૨૧

પ્રતિશ્રી,
કુલપતિશ્રી, /કુલસચિવશ્રી,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી,
સુરત...

વિષય : કોરોના મહામારી વચ્ચે ગુજરાત સરકારનાં શિક્ષણ વિભાગ દ્વારા લેવાયેલ નિર્ણયને રદ્દ કરવા બાબતે .તેમજ સેમેસ્ટર -૦૬ ની પરીક્ષા ઓનલાઈન લેવાય તે બાબતે...

માનનીય મહોદય શ્રી,

સવિનય સાથે જણાવવાનું કે ગુજરાત શિક્ષણ વિભાગ દ્વારા ૨૮/૦૬/૨૦૨૧નાં રોજ પરિપત્ર જાહેર કરી કહેવામાં આવ્યું હતું કે ગુજરાતની તમામ યુનિવર્સિટી હવે અંતિમ વર્ષેનાં વિધાર્થીઓની પરિક્ષા ઓફલાઈન લેવાશે. ત્યારે અમો વિધાર્થીઓ આ નિર્ણયનો વિરોધ કરીએ છે, વિરોધ કરવાનો તેમજ નિર્ણયને ન આવકારવાનો એક જ કારણ છે કે ભારતમાં અને ખાસ કરી ગુજરાતમાં કોરોના વાયરસનાં ન્યુ ડેલ્ટા વોરિઅન્ટનાં કેસ નોંધાયેલ છે, તેમજ સમગ્ર ભારતમાં બ્લેક ફંગસનાં ૪૦,૦૦૦થી વધુ કેસ નોંધયેલ છે. જયારે AIIMSનાં ડિરેક્ટર ગુલેટિયા દ્વારા જણાવામાં આવ્યું હતું કે ,કોરોના નાં વાયરસની ત્રીજી લહેર ટૂંક સમયમાં આવી શકે છે. જો પરીક્ષા ઓફલાઈન લેવામાં આવશે તો વિધાર્થીઓ કોરોના વાયરસથી સંક્રમિત થઈ શકે છે .અમોની માંગ છે કે પરિક્ષા ઓનલાઈન લેવામાં આવે તેવી માંગ વિધાર્થીઓની છ
જો આ અંગે નિર્ણય લેવામાં નહીં આવે તો વિધાર્થીઓ દ્વારા ટૂંક સમયમાં આંદોલન પણ કરવામાં આવી શકે છે...

લિ
સત્યમેવ જયતે ગ્રુપ
ઋત્વિક શેલડીયા ભાવેશ કેવડીયા

સરનામું: C-127 માતૃશક્તિ સોસાયટી રચના સોસાયટી પાછળ પૂણાગામ સુરત-395010
ઈ-મેઈલ: rutviksheladiya268@gmail.com